ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૬૦/૨૩-૨૪/ 27 તારીખ : 11 JAN 2024

**આર.પી.એ.ડી.**

કેસ નં.૬૦/૨૩-૨૪

પ્રતિ,
**શ્રી સુંદરભાઈ લક્ષ્મણભાઈ,**
કે/ઓ-લક્ષ્મણભાઈ કાળુભાઈ,
ગામ-રામરાજપર,
તા.લીંબડી,
જી.સુરેન્દ્રનગર.

મો.નં- ૯૯૦૪૧ ૩૫૯૬૭

**વિષય : એમ્નેસ્ટી સ્કીમમાં થયેલ સમાધાનની રકમ અમને જમા આપવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૦૨/૧૨/૨૦૨૩ જે અત્રેની કચેરીને મળ્યા તા.૦૪/૧૨/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૦/૨૩-૨૪/૧૫૪૧ તા.૦૫/૧૨/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૦/૨૩-૨૪/૧૫૬૬ તા.૧૩/૧૨/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૨૩/૧૨/૨૦૨૩ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

o/c

**બિડાણ:- ઉપર મુજબ.**

**પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,**
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, લીંબડી.

*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

(૨) **નાયબ ઈજનેરશ્રી,** પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, **લીંબડી.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૬૦/૨૩–૨૪** ☜

વાદી :– શ્રી સુંદરભાઈ લક્ષ્મણભાઈ કે/ઓ–લક્ષ્મણભાઈ કાળુભાઈ,

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખ:– તા.૨૩/૧૨/૨૦૨૩** ◈

**વાદી હાજર રહયા** :– શ્રી વાટકીયા સુંદરભાઈ લક્ષ્મણભાઈ **(વાદી પોતે)**
**પ્રતિવાદી** :– **શ્રી એમ.એન.સુમેશ્વરા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, લીંબડી. (પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી સુંદરભાઈ લક્ષ્મણભાઈ કે/ઓ– લક્ષ્મણભાઈ કાળુભાઈ, મું.રામરાજપર, તા.લીંબડી, જી.સુરેન્દ્રનગરની એમ્નેસ્ટી સ્કીમમાં થયેલ સમાધાનની રકમ અમને જમા આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૬૦/૨૩–૨૪ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગરને પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૦/૨૩–૨૪/૧૫૪૧ તા.૦૫/૧૨/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૨૩/૧૨/૨૦૨૩** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી સુંદરભાઈ લક્ષ્મણભાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એમ.એન.સુમેશ્વરા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, લીંબડી ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો ઉપર લક્ષ્મણભાઈ કાળુભાઈના નામથી રામરાજપર ગામે વીજ જોડાણ ધરાવતા હતા. જેમાં, એમ્નેસ્ટી સ્કીમ ૨૦૧૨ માં સમાધાન થયેલ. જેમાં, અમોને પીજીવીસીએલ દ્વારા કુલ – ૬ હપ્તામાં રકમ ભરપાઈ કરવાનું કહેલ જે મુજબ અમોએ છ હપ્તામાં રકમ ભરપાઈ કરી આપેલ છે. પરંતુ, ત્યારબાદ, અમારી સરકારશ્રી દ્વારા માફ કરવામાં આવેલ રકમ અમોને આજદિન સુધી જમા આપેલ નથી.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...

૨.૧ સદર વાદીશ્રીની રજૂઆત અન્વયે નાયબ ઈજનેર લીંબડી રૂરલ પેટા વિભાગીય કચેરીના જણાવ્યા મુજબ રામરાજપર ગામે વાણીજય વીજ વપરાશ માટે ગ્રાહક નં–૨૫૨૩૮૦૫૦૯૭૬ થી લક્ષ્મણભાઈ કાળુભાઈ ના નામનું વીજ જોડાણમાં થેફ્ટ બીલ સહિતની કુલ રકમ રૂા.૧,૩૩,૧૮૯/૭૭ બાકી હોવાથી તા.૨૩/૦૯/૨૦૦૬ ના રોજ કાયમી ધોરણે રદ કરવામાં આવેલ.

૨.૨ ત્યારબાદ, ૨૦૧૨ માં સરકારશ્રીની માફી યોજના અંતર્ગત અરજદાર દ્વારા માફી યોજનાનો લાભ લેવા માટે તા.૩૧/૧૨/૨૦૧૨ ના રોજ અત્રેની કચેરીએ અરજી કરેલ. જેમાં, અરજદાર દ્વારા રજુ કરવામાં આવેલ અરજીમાં દર્શાવ્યા મુજબ કુલ લેણી રકમ રૂા.૧,૩૩,૧૮૯/૭૭ તથા ડીપીસી રૂા.૪૯૩/૩૨ સહીત કુલ રૂા.૧,૩૩,૬૮૩/૦૯ ભરપાઈ કરવાના બાકી હતા. જેમાં, સરકારશ્રીની માફી યોજના અંતર્ગત અરજદારને મુદલ રકમના ૬૦% માફી તેમજ ડીપીસી ૧૦૦% માફી બાદ કરતા કુલ રૂા.૫૩,૨૭૫/૯૧ ભરપાઈ કરવાના બાકી રહેતા હતા. જેના (૮૮૮૦×૬) હપ્તા કરવામાં આવેલ હતા. જેના પ્રથમ હપ્તા પેટે રૂા.૮૮૮૦/– તા.૩૧/૧૨/૨૦૧૨ ના રોજ ભરપાઈ કરી આપેલ.
ત્યારબાદ, દર મહિનાની પહેલી તારીખે બાકી હપ્તા ભરપાઈ કરવા જણાવેલ. પરંતુ, અરજદાર દ્વારા અનુક્રમે તા.૦૨/૦૨/૨૦૧૩, તા.૦૬/૦૩/૨૦૧૩, તા.૦૫/૦૪/૨૦૧૩, તા.૨૯/૦૫/૨૦૧૩, તા. ૦૨/૦૭/૨૦૧૩ ના રોજ અનિયમિત રીતે બાકીના હપ્તા ભરપાઈ કરેલ છે.

૨.૩ જેને કારણે LT Billing System માં એમ્નેસ્ટી સ્કીમની લીંકમાં સદર કલેકશનની જે તે સમયે એન્ટ્રી કરતા કલેકશન Not Allowed (First Inst. is not Accepted) તેવો મેસેજ આવેલ. તેવું એમ્નેસ્ટી સ્કીમના (સોફ્ટ કોપી એકસલ) રજીસ્ટરમાં દર્શાવેલ છે. જેના કારણે સદર માફી યોજનાનો લાભ આપી શકાયેલ નહી હોય. વધુમાં, આ સાથે માફી યોજના તથા TLE ની સરકયુલર અને લેઝર કોપી સામેલ છે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી શ્રી સુંદરભાઈ લક્ષ્મણભાઈ, ગામ – રામરાજપર, તા. લીંબડી, ખાતે ગ્રા.નં.૨૫૨૩૮/૦૫૦૯૭/૬ થી લક્ષ્મણભાઈ કાળુભાઈના નામનુ વીજ કનેકશન ધરાવતા હતા. જેમાં, વર્ષ–૨૦૧૨માં સરકારશ્રી ની એમ્નેસ્ટી સ્કીમ હેઠળ બાકી દેવા ભરીને વ્યાજ માફીનો લાભ મેળવવા હકકદાર હોવા છતાં, પ્રતિવાદી પીજીવીસીએલ દ્વારા રકમ માફીની રકમ જમા ન આપીને બાકી લેણાં દર્શાવેલ. જેના કારણે તેમને નવું ખેતીવાડી વીજ કનેકશન ન મળવા બાબતની તકરાર ઉભી થતા ફોરમને રજુઆત કરેલ છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

૩.૨ આજરોજ તા.૨૩.૧૨.૨૦૨૩ ના રોજ રૂબરૂ સુનાવણીમાં બંને પક્ષકારોએ હાજર રહી રજૂઆતો કરેલ છે.

૩.૩ રજૂ થયેલ રેકર્ડ અને રજૂઆતો મુજબ વાદી દ્વારા તેમના સદરહુ વીજ કનેકશનમાં થેફટ બીલ સહીતની બાકી રકમ રૂા.૧,૩૩,૧૮૯/૭૭ હોવાથી કાયમી ધોરણે તા.૨૩/૦૯/૨૦૦૬ ના રોજ રદ થયેલ. જે અંગે વાદીએ વર્ષ – ૨૦૧૨ માં માફી યોજના અંતર્ગત માફી યોજનાનો લાભ લેવા અરજી કરતા, સ્કીમ મુજબ રૂા.૫૩,૨૭૫/૯૧ ના રૂા.૮૮૮૦/– ના છ હપ્તામાં ભરપાઈ કરવાના થતા હતા.

૩.૪ વાદી દ્વારા પ્રથમ હપ્તો ભર્યા બાદ બાકીના હપ્તા દર મહિનાની પહેલી તારીખે ભરવાને બદલે વિલંબ થી ભરવામાં આવેલ. જેને લઈને પ્રતિવાદીના જણાવ્યા અનુસાર તેમની એલ.ટી.બીલીંગ સીસ્ટમમાં એન્ટ્રી કરવા દીધેલ ન હતી. જેને લઈને માફીની રકમ વાદીના ખાતામાં જમા થઈ શકેલ નહી.

૩.૫ આ તબકકે ફોરમને જણાય છે કે, પ્રતિવાદીએ હપ્તાની રકમ ભરપાઈ કરવા માટેની તારીખ બાબતે સ્પષ્ટ નથી. એક અનુમાન મુજબ વાદીએ તા.૧ થી ૧૦ સુધીમાં રકમ જમા કરવાની થતી જેની સામે માત્ર એક જ વાર વાદી દ્વારા તા.૨૯/૦૫/૨૦૧૩ ના રોજ વિલંબથી પૈસા ભરપાઈ કરેલ છે. પરંતુ, સમાધાન મુજબની પૂરે પૂરી રકમ ભરપાઈ કરી આપેલ છે.

૩.૬ પ્રતિવાદી દ્વારા શા માટે વિલંબથી પૈસા સ્વીકારેલ તે બાબતે સ્પષ્ટતા કરી શકેલ નહી, અને સમય મર્યાદામાં વાદીને આપવા પાત્ર જમા રકમની એન્ટ્રી એલ.ટી.બિલીંગની લીંકમાં ન કરતા, લીંક બંધ થઈ ગયેલ અને વાદીને માફી આપવાપાત્ર રકમ ખાતામાં જમા ન મળતા બાકી રહી ગયેલ છે.

૩.૭ ઉપરોકત વિગતો ધ્યાને લેતાં, ફોરમ એવા નિષ્કર્ષ પર આવે છે કે, પ્રતિવાદી દ્વારા વાદીને એમ્નેસ્ટી સ્કીમ હેઠળ આપવા પાત્ર જમા રકમ સમયસર જમા ન આપતા બાકી રહેલ છે. જે પ્રતિવાદીની કાર્યવાહી માં ગંભીર ભૂલ દર્શાવે છે. જેને કારણે હાલ વાદી નવા કનેકશન થી વંચીત રહેલ છે.

૩.૮ આથી, હુકમ કરવામાં આવે છે કે, પ્રતિવાદીએ વાદીને નવું વીજ કનેકશન આપવાની કાર્યવાહી તુરંત પૂર્ણ કરવી અને વાદીને સ્કીમ હેઠળ આપવાપાત્ર માફીની રકમ તેના ખાતામાં જમા આપવી, તેમજ જો કોઈ ડીપીસી લગાવેલ હોઈ તો તે પણ જમા આપી ખાતું સરભર કરવું.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૮ " મુજબ હુકમ કરવામાં આવે છે.**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રી જે.એમ મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(બી.આર.વડાવીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

તારીખ :– ૨૩/૧૨/૨૦૨૩.